# સ્વાધ્યાય 10.3

**1. જેમની બાજુઓના માપ નીચે પ્રમાણે છે, તેવા લંબચોરસનું ક્ષેત્રફળ શોધો :**

**(a) 3 સેમી અને 4 સેમી**

જ. લંબચોરસનું ક્ષેત્રફળ $=$ લંબાઈ $\times$ પહોળાઈ $= 3 \times 4 = 12$ સેમી$^2$

**(b) 12 મી અને 21 મી**

જ. લંબચોરસનું ક્ષેત્રફળ $=$ લંબાઈ $\times$ પહોળાઈ $= 12 \times 21 = 252$ મી$^2$

**(c) 2 કિમી અને 3 કિમી**

જ. લંબચોરસનું ક્ષેત્રફળ $=$ લંબાઈ $\times$ પહોળાઈ $= 2 \times 6 = 6$ કિમી$^2$

**(d) 2 મી અને 70 સેમી**

જ. 100 સેમી = 1 મીટર

$\therefore$ 70 સેમી $= \frac{70}{100} = 0.7$ મીટર

લંબચોરસનું ક્ષેત્રફળ $=$ લંબાઈ $\times$ પહોળાઈ $= 2 \times 0.7 = 1.4$ મી$^2$

**2. જેમની બાજુઓના માપ નીચે પ્રમાણે છે, તેવા ચોરસનાં ક્ષેત્રફળ શોધો :**

**(a) 10 સેમી**

જ. ચોરસનું ક્ષેત્રફળ $=$ લંબાઈ $\times$ લંબાઈ $= 10 \times 10 = 100$ સેમી$^2$

**(b) 14 સેમી**

જ. ચોરસનું ક્ષેત્રફળ $=$ લંબાઈ $\times$ લંબાઈ $= 14 \times 14 = 196$ સેમી$^2$

**(c) 5 મી**

જ. ચોરસનું ક્ષેત્રફળ $=$ લંબાઈ $\times$ લંબાઈ $= 5 \times 5 = 25$ મી$^2$

**3. ત્રણ લંબચોરસની લંબાઈ અને પહોળાઈનાં માપ નીચે આપેલ છે : કોનું ક્ષેત્રફળ સૌથી વધુ અને કોનું ક્ષેત્રફળ સૌથી ઓછું છે?**

**(a) 9 મી અને 6 મી**

જ. લંબચોરસનું ક્ષેત્રફળ $=$ લંબાઈ $\times$ પહોળાઈ $= 9 \times 6 = 54$ મી$^2$

(b) **17 મી અને 3 મી**

જ. લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ = $17 \times 3 = 51$ મી$^2$

(c) **4 મી અને 14 મી**

જ. લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ = $4 \times 14 = 56$ મી$^2$

લંબચોરસ (c) નું ક્ષેત્રફળ સૌથી વધુ અને લંબચોરસ (b) નું ક્ષેત્રફળ સૌથી ઓછું છે.

**4. 50 મીટર લંબાઈ ધરાવતા લંબચોરસ બાગનું ક્ષેત્રફળ 300 ચોરસ મીટર છે. બાગની પહોળાઈ શોધો.**

જ. લંબચોરસ બાગની લંબાઈ = 50 મીટર, લંબચોરસ બાગનું ક્ષેત્રફળ = 300 ચોરસ મીટર

લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ

$\therefore 300 = 50 \times$ પહોળાઈ

$\therefore$ પહોળાઈ $= \dfrac{300}{50}$

$\therefore$ પહોળાઈ = 6 મીટર

તેથી લંબચોરસ બાગની પહોળાઈ 6 મીટર છે.

**5. 500 મીટર લંબાઈ અને 200 મીટર પહોળાઈ ધરાવતી લંબચોરસ જમીન પર પ્રતિ સો ચોરસ મીટરે રૂપિયા 8 પ્રમાણે લાદી બેસાડવાનો ખર્ચ કેટલો થાય ?**

જ. લંબાઈ = 500 મીટર, પહોળાઈ = 200 મીટર

લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ

$= 500 \times 200$

= 100000 ચોરસ મીટર

100 ચોરસ મીટર લાદી બેસાડવાનો ખર્ચ = ₹ 8

$\therefore$ 100000 ચોરસ મીટર લાદી બેસાડવાનો ખર્ચ $= \dfrac{8 \times 100}{100000}$

$= 8000$

લાદી બેસાડવાનો ખર્ચ ₹ 8000 થાય.

**6. એક ટેબલની ઉપરની સપાટીનું માપ 2 મીટર અને 1 મીટર 50 સેમી છે. તેનું ક્ષેત્રફળ કેટલા ચોરસ મીટર થાય?**

જ. લંબાઈ = 2 મીટર, પહોળાઈ = 1 મીટર 50 સેમી = 1.5 મીટર

લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ

$= 2 \times 1.5$

$= 3.0$ ચોરસ મીટર

ટેબલની ઉપરની સપાટીનું ક્ષેત્રફળ 3 ચોરસ મીટર થાય.

**7. એક ઓરડાની લંબાઈ 4 મીટર અને પહોળાઈ 3 મીટર 50 સેમી છે. ઓરડાના આખા ભોંયતળિયાને ઢાંકવા માટે કેટલા ચોરસ મીટર શેતરંજી (જાજમ) જોઈએ ?**

જ. લંબાઈ = 4 મીટર, પહોળાઈ = 3 મીટર 50 સેમી = 3.5 મીટર

લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ

$= 4 \times 3.5$

$= 14.0$ ચોરસ મીટર

ઓરડાના આખા ભોંયતળિયાને ઢાંકવા માટે 14 ચોરસ મીટર શેતરંજી (જાજમ) જોઈએ.

**8. એક ભોંયતળિયાની લંબાઈ 5 મીટર અને પહોળાઈ 4 મીટર છે. તેના પર 3 મીટર બાજુવાળી એક ચોરસ શેતરંજી પાથરી છે, તો શેતરંજી પાથર્યા સિવાયના ભાગનું ક્ષેત્રફળ શોધો.**

જ. શેતરંજી પાથર્યા સિવાયના ભાગનું ક્ષેત્રફળ = ભોંયતળિયાનું ક્ષેત્રફળ - શેતરંજીનું ક્ષેત્રફળ

= (લંબાઈ × પહોળાઈ) − (લંબાઈ × લંબાઈ)

$= (5 \times 4) - (3 \times 3)$

$= 20 - 9$

$= 11$ મી$^2$

શેતરંજી પાથર્યા સિવાયના ભાગનું ક્ષેત્રફળ 11 મી$^2$ થશે.

**9. એક જમીનની લંબાઈ 5 મીટર અને પહોળાઈ 4 મીટર છે. તેમાં 1 મીટર લંબાઈની બાજુવાળા ચોરસ પાંચ ફૂલના ક્યારા બનાવ્યા છે, તો જમીનના બાકીના ભાગનું ક્ષેત્રફળ કેટલું થાય ?**

જ. જમીનની લંબાઈ = 5 મીટર, જમીનની પહોળાઈ = 4 મીટર તેમજ ચોરસ ફૂલના ક્યારાની લંબાઈ = 1 મીટર છે.

જમીનના બાકીના ભાગનું ક્ષેત્રફળ = જમીનનું ક્ષેત્રફળ – 5(ચોરસ ફૂલના ક્યારાનું ક્ષેત્રફળ)

= (લંબાઈ × પહોળાઈ) − 5(લંબાઈ × લંબાઈ)

$= (5 \times 4) - 5(1 \times 1)$

$= 20 - 5$

$= 15$ ચોરસ મીટર

જમીનના બાકીના ભાગનું ક્ષેત્રફળ 15 ચોરસ મીટર થાય.

**10. નીચેની આકૃતિઓને લંબચોરસમાં વિભાજીત કરીને તેમનું ક્ષેત્રફળ ગણો. (માપ સેન્ટીમીટરમાં આપેલાં છે.)**



**(a)**



HKLMનું ક્ષેત્રફળ = $3 \times 3 = 9$ સેમી$^2$

IJGHનું ક્ષેત્રફળ = $1 \times 2 = 2$ સેમી$^2$

FEDGનું ક્ષેત્રફળ = $3 \times 3 = 9$ સેમી$^2$

ABCDનું ક્ષેત્રફળ = $2 \times 4 = 8$ સેમી$^2$

કુલ ક્ષેત્રફળ = 9 + 2 + 9 + 8 = 28 સેમી$^2$

**(b)**



ABCDનું ક્ષેત્રફળ = $3 \times 1 = 3$ સેમી$^2$

BDEFનું ક્ષેત્રફળ = $3 \times 1 = 3$ સેમી$^2$

FGHIનું ક્ષેત્રફળ = $3 \times 1 = 3$ સેમી$^2$

કુલ ક્ષેત્રફળ = 3 + 3 + 3 = 9 સેમી$^2$

11. **નીચેની આકૃતિઓને લંબચોરસમાં વિભાજીત કરીને તેમનું ક્ષેત્રફળ ગણો. (માપ સેન્ટીમીટરમાં આપેલાં છે.)**




**(a)**




લંબચોરસ ABCDનું ક્ષેત્રફળ = $2 \times 10 = 20$ સેમી$^2$

લંબચોરસ DEFGનું ક્ષેત્રફળ = $2 \times 10 = 20$ સેમી$^2$

કુલ ક્ષેત્રફળ = 20 + 20 = 40 સેમી$^2$

**(b)**




અહીં પાંચ ચોરસ 7 સેમી લંબાઈવાળા છે.

પાંચ ચોરસનું ક્ષેત્રફળ = $5(7 \times 7) = 5 \times 49 = 245$ સેમી$^2$

**(c)**




લંબચોરસ ABCDનું ક્ષેત્રફળ = $5 \times 1 = 5$ સેમી$^2$

લંબચોરસ EFGHનું ક્ષેત્રફળ = $4 \times 1 = 4$ સેમી$^2$

કુલ ક્ષેત્રફળ = 5 + 4 = 9 સેમી$^2$

12. લંબચોરસ પ્રદેશના બે માપ નીચે પ્રમાણે છે :

(a) 100 સેમી અને 144 સેમી (b) 70 સેમી અને 36 સેમી

12 સેમી લંબાઈ અને 5 સેમી પહોળાઈવાલી કેટલી ટાઈલ્સ આ બંને પ્રદેશો માટે જોઈશે ?

(a) $$\text{ટાઈલ્સની સંખ્યા} = \frac{\text{લંબચોરસ પ્રદેશનું ક્ષેત્રફળ}}{\text{લંબચોરસ ટાઈલ્સનું ક્ષેત્રફળ}} = \frac{100 \times 144}{12 \times 5} = 240$$

(b) $$\text{ટાઈલ્સની સંખ્યા} = \frac{\text{લંબચોરસ પ્રદેશનું ક્ષેત્રફળ}}{\text{લંબચોરસ ટાઈલ્સનું ક્ષેત્રફળ}} = \frac{70 \times 36}{12 \times 5} = 42$$